# :: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી મુજબનું જાહેરનામું
ક્રમાંકઃટ્રાફિક/PM કાર્યક્રમ/ભારે વાહન/પ્રતિબંધ/૨૪૫૨/૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી
સુરત શહેર.
તા.૦૪/૦૩/૨૦૨૫

આગામી તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી નાઓ નવસારી જીલ્લાના મરોલી પો.સ્ટે. વિસ્તારમાં આવેલ મોજે.વાંસી-બોરસી, તા.જલાલપોર, જી.નવસારી ખાતે "આત્મનિર્ભરતાથી આત્મસન્માન-લખપતી દીદી વંદના" કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર છે. સદર કાર્યક્રમમાં ગુજરાત રાજયનાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ તથા કેન્દ્ર/રાજય કક્ષાના પદાધિકારીશ્રીઓ તથા અન્ય મહાનુભાવશ્રીઓ તથા મોટી સંખ્યામાં મહિલાઓ હાજર રહેનાર છે. માન.વડાપ્રધાનશ્રી નાઓના ઉપરોક્ત કાર્યક્રમ અનુસંધાને ટ્રાફિક નિયમન જળવાઇ રહે અને કોઇ અવ્યવસ્થા ન સર્જાય તે હેતુસર સુરત શહેરથી સચિન-મરોલી ચાર રસ્તા થઇ નવસારી શહેર તરફ જતા ભારે વાહનો સચિન ચાર રસ્તાથી પલસાણા થઇ ને.હા.નં.૪૮ તરફ ડાયવર્ટ કરવા સારૂ પોલીસ અધિક્ષકશ્રી, નવસારી નાઓએ અરજી કરેલ છે જે ધ્યાને લઇ સદર રૂટ ઉપર તા.૦૮/૦૩/૨૦૨૫ નાં રોજ ક.૦૦/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારનાં ભારે વાહનો ઉપર પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામું પ્રસિધ્ધ કરવા જનહિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમસિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧) બી અન્વયે મળેલ અધિકારની રૂએ ફરમાવું છુ કે, સચિન સાતવલ્લા બ્રિજ સર્કલથી કપલેટા, નવસારી તરફ જતો રોડ (સચિન-મરોલી ચાર રસ્તાથી નવસારી શહેર તરફ જતો રોડ) ઉપર તા.૦૮/૦૩/૨૦૨૫ નાં રોજ ક. ૦૦/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ પ્રકારના ભારે વાહનોની અવર-જવર કરવા તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

## :: વૈકલ્પિક રૂટ ::

સચિન સાતવલ્લા ઓવર બ્રિજથી ભાટીયા ચેક પોસ્ટ થઇ પલસાણાથી ને.હા.નં.-૪૮ નો ઉપયોગ કરી નવસારી તરફ જઇ શકાશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમનો અમલ તા.૦૮/૦૩/૨૦૨૫ ના રોજ ક.૦૦/૦૦ થી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ રોજ તા.૦૪/૦૩/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
સત્યમેવ જયતે
સુરત શહેર

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
સુરત શહેર